ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરતનું મુખપત્ર

# વહોરા સમાચાર

## અલ્લાહ તઆલાનું ફરમાન

''સૂરએ નૂરમાં અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે

**વઆતુ હુમ મિમ મા લિલ્લા હિલ્લઝી અતાકુમા....''**

અને અલ્લાહના એ માલમાંથી કે જેણે તમને આપ્યો છે-તે મને પણ આપો! હકીકતમાં આપાણી પાસે જે કાંઈ છે તે અલ્લાહનું જ આપેલું-દીધેલું છે, ફકત તેની કરમ નવાઝીથી તે રહીમે કરીમે આપણને આપ્યું છે અને તે પાક પરવરદિગાર જ જરૂરિયાતવાળા લોકોને આપવાનો હુકમ ફરમાવે છે.

અલ્લાહને રાજી કરવા તેની રાહમાં દાન—ખયરાત કરવાનો હુકમ આ રીતે કુઑને મજીદમાં અનેક જગ્યાએ જુદી જુદી રીતે છે. દાન-ખયરાતરૂપે, સદકારૂપે યા લિલ્લાહ વગેરે રૂપે આપે છે. અલ્લાહના લુત્ફ અને કરમ જુઓ કે જે કાંઈ જગતમાં આપણી પાસે છે તે બધુ તેણે જ આપેલું છે. હવે અલ્લાહ તઆલા એથીય વધુ આપવા ચાહે છે તેથી ફરમાવે છે કે તમારી પાસે જે કાંઈ માલ છે તેમાંથી મારી રાહે **કર્ઝે હસનહ** રૂપે આપો. હું તેને અનેક ઘણો તમારા લાભમાં ફેરવી આપીશ.

**મન ઝલ્લઝી યુકરિદુલ્લા-હ કરદન હસનન્**

એવો કોણ છે જે અલ્લાહને કર્ઝે હસનહ તરીકે ધીરે/ આપે તો અલ્લાહ તે (કર્ઝના સવાબ) ને અનેક ઘણો વધારી દે છે. (સુરએ બકરહ આયત ૨૪૫)'

■ મસ્ત મંગેરા

માહે શવ્વાલ ૧૪૪૨ જૂન - ૨૦૨૧ તંત્રીઃ મસ્ત મંગેરા

www.ssvmes.org
vohrasociety@gmail.com
vohrasamachar@gmail.com
www.vohratimes.org
vohrasociety@yahoo.com
vohrasamachar@yahoo.com

- **જ. યુનુસ અહમદ જીનવાલા સા. કોસમડી** તરફથી **રૂા. ૧,૦૦,૦૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં **જ. અહમદભાઇ ઉનીયા સા.** હસ્તે મળ્યા છે.
- **જ. ઇદ્રીસભાઇ ડાલા સા. બર્મીંગહામ-યુ.કે.** તરફથી **રૂા. ૩૫,૦૦૦/-** ઝકાતના સોસાયટીના બેવાફંડમાં **જ. આસીફભાઇ રંદેરા સા. સુરત** હસ્તે મળ્યા છે.
- **અલ-અન્સાર ફાઉન્ડેશન, કેનેડા (જ.મહમદભાઇ પટેલ સા. ખરચવાલા)** તરફથી **રૂા. ૩૦,૦૦૦/-** ઝકાત ના સોસાયટીના બેવાફંડમાં **જ. કારી રશીદ અહમદ અજમેરી સા. રાંદેર** હસ્તે મળ્યા છે.
- **જ. ઇકબાલભાઇ તુરાવા સા.** તરફથી **રૂા. ૨૯,૫૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં મળ્યા છે.
- **મોહતરમા લુબનાબહેન કાઝી સા. મુંબઇ** તરફથી **રૂા. ૨૫,૦૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં મળ્યા છે.
- **જ. સોએબ હાસીમ ભામ સા. રાંદેર** તરફથી **રૂા. ૨૪,૦૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં મળ્યા છે.
- **જ. સઇદ અઝહર અહમદ કાઝી સા. મુંબઇ** તરફથી **રૂા. ૧૫,૦૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં **જ. અહમદભાઇ ઉનીયા સા.** હસ્તે મળ્યા છે.
- **મોહતરમા ફાતેમા મોહંમદ ઉમર આદમ સા.**તરફથી **રૂા. ૧૫,૦૦૦/-** તથા **જ. મોહંમદ ઉમર અહમદ આદમ સા. મોટાવરાછા** તરફથી **રૂા.૫૦૦૦/-**સોસાયટીના એ.વાય.ડી. ટેકનીકલ ઇન્સ્ટીટ્યુટફંડમાં મળ્યા છે.
- **જ. અનીસુલહકક સુલેમાન પટેલ સા. બરબોધન** તરફથી **રૂા. ૧૫,૦૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં **જ. મુન્નાભાઇ અટન સા. કોસાડ** હસ્તે મળ્યા છે.
- **જ. મોહંમદ શાકીર શબ્બીર દીનાથ સા. મોટાવરાછા** તરફથી **રૂા. ૧૦,૦૦૦/-** સોસાયટીના એ.વાય.ડી. ટેકનીકલ ઇન્સ્ટીટ્યુટફંડમાં મળ્યા છે.
- **જ. મઆઝ અ.હૈય પટેલ સા. મોસાલી** તરફથી **રૂા. ૧૦,૦૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં **જ. ઐયુબભાઇ માંજરા સા.** હસ્તે મળ્યા છે.
- **જ. જમાલભાઇ મુંબઇ** તરફથી **રૂા. ૧૦,૦૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં મળ્યા છે.
- **જ. અહમદ સઇદ આઝમ હાટીયા રાંદેર** તરફથી **રૂા. ૧૦,૦૦૦/-** ઝકાતના સોસાયટીના બેવાફંડમાં મળ્યા છે.
- **મોહતરમા મેમુનાબહેન યાકુબ જકડા સા. પાનોલી** તરફથી **રૂા. ૧૦,૦૦૦/-** સોસાયટીના વિવિધફંડમાં મળ્યા છે.
- **જ. ઝુબેરભાઇ ઇસ્માઇલ સા.** તરફથી **રૂા. ૧૦,૦૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં મળ્યા છે.
- **જ. મો.ઇકબાલ સુલેમાન દાદાભાઇ સા. કઠોર** તરફથી **રૂા. ૧૦,૦૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં **જ. યાકુબ સુલેમાન દાદાભાઇ સા.** હસ્તે મળ્યા છે.
- **મોહતરમા ઝાહેદાબહેન મો.ઇકબાલ દાદાભાઇ સા. કઠોર** તરફથી **રૂા. ૧૦,૦૦૦/-** સોસાયટીના બેવાફંડમાં **જ. યાકુબ સુલેમાન દાદાભાઇ સા.** હસ્તે મળ્યા છે.
- **જ. ફારૂક અહમદ રઝાકાજી સા. કઠોર** તરફથી **રૂા. ૧૦,૦૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં **મોહતરમા ફરીદાબહેન રઝાકાજી સા.** હસ્તે મળ્યા છે.
- **મોહતરમા આયશાબહેન એમ.જીનવાલા સા.કોસમડી** તરફથી **રૂા. ૧૦,૦૦૦/-** સોસાયટીના બેવાફંડમાં **જ. મોહંમદભાઇ એસ. કાઝી સા. કોસંબા** હસ્તે મળ્યા છે.
- **મોહતરમા ઝુલેખાબહેન મેહમુદ દલાલ સા. યુ.એસ.એ.** તરફથી **રૂા. ૧૦,૦૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં **જ. સલીમભાઇ પાંડોર સા. માંગરોળ** હસ્તે મળ્યા છે.

અનુસંધાન પેજ નં.૨૬ ઉપર

## વહોરા સમાચાર

- **હદીસ શરીફ**

વૃક્ષો વાવો અને ફળદ્રુપ જમીનમાં વાવો, આ જ કામો માનવજાતિ પ્રત્યે સાચી સદ્ભાવના છે.

- **ચિંતન**

મનુષ્યની મહાનતા તેના વિચારમાં રહેલી છે. સારા વિચાર કરવા એ જ મોટું કર્તવ્ય છે.
અને એ માટે
સારો માણસ તે છે જે બીજાઓ માટે સારું કરે છે.

**અંક : ૦૬**
**માસ : જૂન ૨૦૨૧**
**માહે : શવ્વાલ ૧૪૪૨**
**તંત્રી : મસ્ત મંગેરા**

- **એક શેર**

હૈ સિદ્દતે ખુલુશ ભી એક ઝુર્મે આશિકી
પરવાના જલકે શમ્અકો બદનામ કર ગયા.
- શકિલ બદાયુનિ

- **નોંધઃ-**

આ શેર ' પૂના (મહારાષ્ટ્ર) ની એક હાઇસ્કૂલ મોલેદિન એંગ્લો ઉર્દૂ હાઇસ્કુલમાં શકિલ બદાયુનિ સાહેબ અચાનક જ આવી ચઢેલા અને એમને રજૂઆત કરતાં આ શે'ર સંભળાવેલો. મારા જીવનનું એક શ્રેષ્ઠ નજરાણું.

- મસ્ત મંગેરા

## ■ તંત્રી સ્થાનેથી...!

### આવનારા વર્ષોનું વિચારો

અલ્લાહ તઆલાની મરજી અને રહમથી રમઝાન મહિનો સારી રીતે પસાર થયો તે માટે આપણે સૌ અલ્લાહના શુક્ર ગુજાર છીએ.

હાલના સમય અને સંજોગમાં આપણે આવનારા વર્ષો માટે બોધપાઠ લઇને જિંદગી જિવ્વાનીજ વાત નથી.આવનારા વર્ષો માટે સમાજના નૌનિહાલોને કઇ દિશામાં લઇ જવા માંગીએ છીએ. એમને સાચી આપણી દશા કે બર્બાદીની સંપૂર્ણ સમઝ આપીએ.આ બાબત ઉંડાણથી ચિંતન અને મનન બંન્ને માંગે છે.

સાથે જ આપણા સંતાનોને સાચા માર્ગે લઇ જવા શું કરવું જોઇએ ? અને વિચારેલા સારા પગલાં આગળ વધારવા જોઇએ.ફક્ત વાત કરીને અટકી જવાથી કોણ કરશે ? કોણે કરવું જોઇએ ? !

પ્રેક્ટીકલ – પ્રત્યક્ષ સારા વિચારો અમલામાં મુકવામાં આવે તો જ આપણે સમાજની સાચી સેવા કરેલી ગણાશે.

ઘણા લોકો સારી અમલમાં મુકવા જેવી બાબતો અંગે ઘણું સારું સમજે છે. વિચારે છે.પણ કોઇ ને કોઇ કારણે એ વાત ભુલી જવાઇ છે.

આપણી સોસાયટીની સ્થાપના માટે જ એક વાત નીકળેલી અને લોકો એની પાછળ વળગી પડયા. આજે પરિણામ સ્પષ્ટ છે. આગળ વધો હિંમત રાખો. અલ્લાહની મદદ માંગો જરૂરત બરકત મળતી રહેશે.

- મસ્ત મંગેરા(કાંગવઈ)

E-mail : mastamangerakangwai@yahoo.com
Mob : 9426771991

તંત્રી,મુદ્રક અને પ્રકાશક :- અહમદ ઈબ્રાહીમ મંગેરા ('મસ્ત' મંગેરા) મુદ્રણ સ્થાન:- નટરાજ પ્રિન્ટર્સ,ઈન્દરપુરા આંબાવાડી,સુરત
પ્રકાશન:- વહોરા સમાચાર,કાર્યાલય સ્થળ :- સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે,સુરત- ૩૯૫ ૦૦૩ માલિક :-ધી સુ.સુ.વ.મુ.એ.સોસાયટી-સુરત.

# કયામતથી જન્નત સુધી

- મૂસાજી દીપક બારડોલીકર

પાછળ જાઓ અને ઉજાશ તલાશ કરો. ત્યાર પછી તેમની વચ્ચે એક અવરોધ (દીવાલ) ઉભો કરી દેવાશે. જેમાં એક દરવાજો હશે. જેના અંદરના ભાગમાં રહેમ હશે જયારે બહારનો ભાગ અઝાબ તરફ હશે. (અલ-હદીદ-૫૭:૧૩)

દહહાક કહે છે કે કોઇ પણ એવુ નહીં હોય કે જેને એ દિવસે ઉજાશ આપવામાં નહીં આવે. પણ તેઓ સિરાત નજીક પહોંચશે ત્યારે દંભીઓનો ઉજાશ હોલવી નાંખવામાં આવશે. એ જોઇને શ્રધ્ધાવાનો ગભરાશે અને દુઆ કરશે: ઓ માલિક !અમારા ઉજાશને અમારા માટે પરિપૂર્ણ કરી દે. (૬૬:૮)

અને સૈયિદિના ઇબ્ને અબ્બાસ (રદિ.) વર્ણવે છે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું, અલ્લાહ લોકોને તેમના નામ લઇ, પુનર્જીવનના દિવસે બોલાવશે, તેના (અન્ય) બંદાઓથી આડશ રાખીને. અને સિરાત નજીક અલ્લાહ, દરેક શ્રધ્ધાવાન અને દંભીઓને ઉજાશ આપશે. અને જયારે તેઓ સિરાત આગળ આવશે તો અલ્લાહ, દંભી પુરુષો અને સ્ત્રીઓનો ઉજાશ પાછો લઇ લેશે. (મજમા અઝ-ઝવાઇદ.હદીસનો અંશ)

મતલબ કે દંભીઓ સિરાત આગળ ઉજાશથી વંચિત થઇ જશે. તેઓ ઉજાશની તલાશમાં પાછા વળશે, પણ ઉજાશ તેમને પ્રાપ્ત થશે નહીં.

### ઘણા લપસી જશે:

અહાદીસ અનુસાર પુલ સિરાત તલવાર જેવો ધારદાર અને લપસણો હશે. અહીં લોકોને કહેવામાં આવશે: તમારા ઉજાશના આધારે આગળ વધો. કેટલાક ઝબકારાની જેમ, કેટલાક ઉંટની ઝડપે તો કેટલાક સામાન્ય ચાલે સિરાત પાર કરશે. સલામત પાર ઉતરશે અને કહેશે: સૌ પ્રશંસા અલ્લાહના માટે છે. જેણે અમને બચાવ્યા. નિ:શંક અલ્લાહ તઆલાએ અમને તે આપ્યું, જે અન્યોને આપ્યું નથી.

બયહકીએ અનસ ઇબ્ને માલિક (રદિ.) ની હદીસ નોંધી છે, જેમણે વર્ણાવ્યું છે: મેં અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને આમ કહેતા સાંભળ્યા છે: સિરાત સુંદર છે, વાળની લટ જેવી અને તલવાર જેવી ધારદાર તથા શ્રધ્ધાવાન પુરૂષો સ્ત્રીઓની મદદ કરશે, અને જિબ્રિલ (અલૈ.) મારી મદદ કરશે. જયારે હું કહીશ: ઓ માલિક ! સલામતી ! અલબત્ત એ દિવસે લપસી જનારા પુરૂષો - સ્ત્રીઓ ઘણાં હશે. (અલ-મતાલિબઅલ- અલિયહ,કશફુલ ખાફાં)

### જન્નતના દરવાજે:

હવે શ્રધ્ધાવાનોની મંઝીલ જન્નત હશે. તેઓ જન્નતના રસ્તે રવાના થશે, પરંતુ પગપાળા નહીં. તો શું ત્યાં કોઇ વાહન હશે? જુઓ, હઝરત અલી શું કહે છે? અબ્દુલ્લાહ ઇમામ અહમદ અનુસાર સુવૈદ ઇબ્ને સઇદ વર્ણવે છે. અમે અલી (રદિ.) સાથે બેઠા હતા. તેમણે આ આયત પઢી. એ દિવસે અમે સદાચારીઓને ખુદાની સામે માનવંત પ્રતિનિધિઓ તરીકે ભેગા કરીશું. અને ગુનેગારને થાકેલા ઘણની માફક જહન્નમ તરફ હાંકી જશું. (૧૯:૮૫-૮૬) અને ત્યાર પછી તેમણે કહયું ખુદાના કસમ, તેઓ પગપાળા ભેગા નહીં થાય,બલ્કે તેમની પાસે એવી ઉંટડીઓ હશે, જેવી તેમણે બાપ જન્મારામાં જોઇ નહીં હોય! તેની કાઠડી સોનાની હશે. તેઓ તેના પર સવાર થઇને જન્નતના દરવાજા સુધી જશે. (મુસનદ અહમદ) બદાવી અનુસાર આસીમે વર્ણવ્યું છે: અલીએ જહન્નમનો ઉલ્લેખ કર્યો હતો. પણ હું એ વાત વિસરી ગયો છું. તેમ છતાં (મને યાદ છે કે) તેમણે અલ્લાહના આ શબ્દો પઢયા હતા: અને તેઓ, જે તેમના માલિકથી ડરે છે તેમને ટુકડી બંધ જન્નત તરફ લઇ જવામાં આવશે. (૩૯:૭૩)

અને ત્યાર પછી તેમણે કહયું, ત્યાં સુધી કે તેઓ જન્નતના દરવાજા સુધી પહોંચશે. અહીં તેઓ એક વૃક્ષ જોશે, જેમાંથી બે ઝરણા વહી રહયાં હશે. તેઓ એક ઝરણાનું પાણી પીશે, જેનાથી તેમના જઠરમાંના તમામ નકામા પદાર્થોનું વિસર્જન થઇ જશે. ત્યાર પછી તેઓ બીજા ઝરણામાં નહાશે. અને પોતાના દેહને સ્વચ્છ - પવિત્ર કરશે. તાજાતવાના થઇ જશે. અને જન્નતના દ્વારે આવશે તો દરવાન આવકાર આપતાં કહેશે: સલામુન અલૈકુમ ! તમો સારા રહયા. હવે અહીં પધારો,

હંમેશા રહેવા માટે. ( ૩૯-૭૩)

**જન્નતીઓના માનપાન:**

જન્નતમાં પ્રવેશનારા ભાગ્યશાળીઓ કેવા હશે અને તેમનો કેવો આદર સત્કાર કરાશે એ વિશે અહાદીસમાં વિગતે વર્ણન કરાયેલું છે. હઝરત અબૂ હુરયરહ (રદિ.) વર્ણવે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું,પહેલું જૂથ જે જન્નતમાં દાખલ થશે-ચહેરા પૂર્ણિમાના ચંદ્રમા જેવા ચળકતા હશે. તેઓ થૂંકશે નહીં, નસીકશે (છીંકશે) નહીં, મળમૂત્રની હાજત થશે નહીં. તેમની કાંસકી સોના ચાંદીની હશે. તેમની શગડીનું ઇંધણ કુંવારપાઠું અને તેમની સુગંધ કસ્તુરી હશે. તેમનામાંના દરેકની બે સુંદર પત્નીઓ હશે. તે કયારેય કજિયો કે ગુસ્સો કરશે નહીં. તેમના હૃદય એક હૃદય જેવાં હશે. તેઓ સવાર-સાંજ અલ્લાહની ઇબાદત કરશે. (મુસ્લિમ,તિરમીઝી, મુસનદ અહમદ)

અબૂ યઅલાએ હઝરત અબૂ હુરયરહ (રદિ.) ના હવાલાથી નોંધેલી એક હદીસ અનુસાર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું. જન્નતવાળાઓની પત્નીઓ જન્નતની કુંવારી કન્યાઓ હશે, હૂર હશે. જો કે તેમની રીત ભાત માણસો જેવી હશે. તે લોકો (જન્નતવાસીઓ) નાં કદકાઠાં તેમના પિતા આદમ અલૈ. ના કદ જેવાં હશે. (બુખારી,મુસ્લિમ, ઇબ્ને માજા-હદીસનો અંશ)

બયહકી, તબરી,તબરાનીએ નોંધેલી એક અન્ય હદીસમાં દર્શાવ્યા પ્રમાણે જન્નતુલ ફિરદૌસમાંના દરેક પુરૂષને બોત્તેર (૭૨) પત્નીઓ મળશે,જે હુર હશે. અને એ સિવાય બે પત્ની માનવજાતિની હશે. તેમના માણેકના બનેલા શયનખંડમાં મોતીઓથી સજાવેલી અને રેશમી ભરતકામવાળા સિત્તેર પડવાળા સોનાની પથારી હશે.

**પવિત્ર પત્નીઓ:**

જન્નતવાસી પુરૂષો માટે સમવયસ્ક ગુણિયલ,લજજાશીલ અને પવિત્ર પત્નીઓ હશે. એવી પત્નીઓ કે જેમને તેમના પહેલાં કોઇએ સ્પર્શ કર્યો નહીં હોય. કલામે પાકમાં એ સ્ત્રીઓ વિશે કહેવાયું છે: અને તેમની સાથે લજજાશીલ, સમવયસ્ક ગુણિયલ (મહિલાઓ) હશે. (૩૫:૫૨)

અને આલે ઇમરાનમાં ફરમાને ઇલાહી છે: અલ્લાહને ત્યાં બાગો (જન્નત) છે, જેની નીચે નહેરો વહે છે, જેમાં તેઓ હંમેશ રહેશે. અને (ત્યાં) પવિત્ર સ્ત્રીઓ છે અને અલ્લાહની પ્રસન્નતા, અને ખુદા તેના બંદાઓને જોઇ રહયો છે. ( આલે ઇમરાન - ૩:૧૫)

મતલબ કે જન્નતમાં પુરૂષોને એવી સુંદર , ગુણિયલ, લજ્જાશીલ અને પવિત્ર પત્નીઓ મળશે, જેના વિશે તેમણે કદી વિચાર્યું નહીં હોય.એક તરફ બોત્તેર અપ્સરા હશે અને બીજી તરફ બે માનવજાતિની મહિલાઓ. સૌ સુંદર, પવિત્ર,કુંવારી અને પતિને બેહદ ચાહનારી. અહાદીસ અનુસાર એ સ્ત્રીઓના હોઠે તેમના પતિઓ વિશે આ શબ્દો હશે: ખુદાના કસમ,. જન્નતમાં તમારાથી સુંદર બીજું કોઇ નથી. અને જન્નતમાં તમારાથી પ્રિય એવી અન્ય કોઇ વસ્તુ નથી.

એમાં શંકા નથી કે હૂરો અતિ સુંદર હશે, મનોહર હશે, મન ભાવિત હશે. અને તે દરેક પુરૂષના ઘરમાં બોત્તેર હશે તો તેમની સામે માનવજાતિની બે સ્ત્રીઓની શી હેસિયત ? આનો ઉત્તર સૈયિદહ ઉમ્મે સલ્મા (રદિ.) ની એક રિવાયતમાંથી મળે છે. તેમણે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહું અલયહિ વસલ્લમને પૂછયું. ઓ અલ્લાહના રસૂલ સલ્લલ્લહું અલયહિ વસલ્લમ,મને એ કહો કે આ વિશ્વની સ્ત્રીઓ હૂરોથી શ્રેષ્ઠ હશે કે નહીં ?

આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું, આ વિશ્વની સ્ત્રીઓ, હૂરોથી વિશેષ ચઢિયાતી હશે. વસ્ત્રના અંદરના ભાગ ઉપર બહારનો ભાગ હોય છે એવી. તેમણે વળતો પ્રશ્ન કર્યો. શા માટે, ઓ અલ્લાહના રસૂલ સલ્લલ્લહુ અલયહિ વસલ્લમ ? આપ સલ્લલ્લહુ અલયહિ વસલ્લમે કહયું તેમની નમાઝ, તેમના રોઝા અને તેમની ઇબાદતના કારણે અલ્લાહ તેમના ચહેરા પર નૂર પાથરશે. અને ત્વચાને સુંવાળી કરી દેશે. તેમનો વર્ણ સફેદ હશે અને તે લીલો લિબાસ તથા પીળા ઘરેણાં પહેરશે. તેમની વીંટી મોતીની અને કંગન સોનાનાં બનેલાં હશે. તેઓ કહેશે: અમે હંમેશ જીવીશું, મરીશું નહીં. અમે હંમેશ તાજગીપૂર્ણ રહીશું, કયારેય કરમાશું નહીં. અમે હંમેશ ખુશ રહીશું. કદી નાખુશ થઇશું નહીં. તેમને હો ખુશખબર કે જે અમારા છે અને અમે જેમની છીએ.

(અલ - મુઅજમ અલ -કબીર- તબરાની) **(ક્રમશ)**

## મહંમદ પયગમ્બર સાહેબના જીવનના પ્રેરક પ્રસંગો

હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) ના જીવનના કેટલાક પ્રેરક પ્રસંગો જાણીએ.

મહંમદસાહેબને તેમના પુત્રી ફાતિમા અત્યંત પ્રિય હતા. એક દિવસ હઝરત અલી મહંમદ સાહેબ પાસે આવ્યા અને મસ્તક ઝુકાવી અદબથી વિનંતી કરી, 'યા રસુલ્લીલાહ, ખાતુને જન્નત ફાતિમા સાથે નિકાહની દરખાસ્ત લઈને આવ્યો છું.' આપે હઝરત અલીની આ દરખાસ્ત અંગે પુત્રી ફાતિમાને પૂછ્યું. તેમણે મૌન રહી સંમતિ આપી. અને આમ નિકાહ કરવાનું નક્કી થયું. મહેરમાં આપવા માટે હઝરત અલી પાસે કશું ન હતું. અંતે બદ્રની લડાઈમાં મળેલું બખ્તર હઝરત ઉસ્માનગની (રદી) ને ૪૪૦ દીહરમમાં વેચી રસુલે પાક પાસે મૂકયા.

હઝરત મહંમદ પયગમ્બર સાહેબે પોતાની વહાલસોઈ પુત્રી ફાતિમાને દહેજમાં આપેલ વસ્તુઓ પણ ઈસ્લામમાં દહેજ પ્રથાની અવગણના વ્યક્ત કરે છે.આપે પ્રિય પુત્રી ફાતિમાને દહેજમાં વાણનો એક ખાટલો, એક ચાદર, ચામડાનો એક ગદેલો જેમાં રૂને બદલે ખજૂરની છાલ ભરેલી હતી, લોટ દળવાની બે ઘંટીઓ, પાણી ભરવાની એક મશક અને માટીના બે ઘડા આપ્યા હતા.

ખુદાના પયગમ્બર અને ઈસ્લામના મહાન ઘડવૈયા હઝરત મહંમદ પયગમ્બરે પોતાની વહાલસોઈ પુત્રીને આપેલ દહેજ દરેક સમાજ માટે ઉપદેશાત્મક નથી લાગતો ?

●●●

જંગેબદ્ર (બદ્રના યુદ્ધ) માં પકડાયેલા કેદીઓને શી સજા કરાવી એ અંગે બધા વિચારી રહયા હતા. કોઈકે આ અંગે મહંમદ સાહેબને પૂછ્યું, 'યુધ્ધમાં પકડાયેલા કેદીઓને આપણે શી સજા કરીશું ?'

આપે ફરમાવ્યું, 'દરેક ભણેલો કેદી દસ દસ અભણોને લખતા વાંચતા શીખવે એ જ તેની સજા છે. દંડ છે.'

●●●

હઝરત મહંમદ સાહેબને 'વહી' દ્વારા ખુદાઈ પયગામ મળતો. વહી સમયે આપને ઘણી માનસિક અને શારીરિક તકલીફ પડતી. જયારે કોઈ ખાસ આધ્યાત્મિક મુશ્કેલી કે સમસ્યા પ્રસંગે તેમને કોઈ રસ્તો ન સૂઝતો ત્યારે તેઓ ખાવા પીવાનું છોડીને શરીર પર ચાદર વીંટાળી પડી રહેતા, ઈબાદત કરતા અને રડતા. કોઈ કોઈવાર તો કેટલાય દિવસો આમ જ વિતાવતા. તેમનું શરીર વારંવાર કાંપવા લાગતું અને એ સમયે જે નિર્ણય કે જે શબ્દો આપના મોંમાંથી નીકળતા તેને વહી અર્થાત ખુદાનો સંદેશ કહેતા. વહીને કારણે વારંવાર તેમને અસાધારણ પીડા અને બેચેની થતી. તેની અસર હઝરત મહંમદ સાહેબના શરીર, સ્નાયુ અને મગજ પર ઊંડી પડતી. એકવાર તેમની દાઢીમાં ધોળા વાળ જોઈને અબુબક્ર રોવા લાગ્યા.

હઝરત મહંમદ સાહેબે તેમને ફરમાવ્યું, "હા, વહી વખતે મને જે દર્દ થતું, કષ્ટ પડતું, તેના આ બધા પરિણામો છે. સૂરે હુદ, સૂરે અલવાકયા, સૂરે અલકારયા અને તેની સાથેની બીજી સૂરતોએ મારા કેશ ધોળા કરી નાંખ્યા છે.'

●●●

હઝરત મહંમદ પયગમ્બર સાહેબને છેવટનો તાવ આવ્યો. શરીરે તેઓ ખુબ અશક્ત થઈ ગયા હતા. આમ છતાં એક મધરાતે જયારે મદીનાના લોકો ભર ઊંઘમાં સૂતા હતા, ત્યારે આપ ફક્ત એક સાથીને સાથે લઈને શહેર બહાર કબ્રસ્તાનમાં ગયા અને કબરોની વચ્ચે ધ્યાન મગ્ન અવસ્થામાં લાંબો સમય સુધી બેસી રહયા. અંતે ભારે હૈયે તેમણે ફરમાવ્યું, 'હે કબરવાસીઓ, તમને સર્વેને ખુદાતાલા શાંતિ બક્ષે. તમને અને અમને

ખુદાતાલા ક્ષમા બક્ષે. એ દિવસે તમે સુખી થાવ જે દિવસે ખુદા તમને ફરીવાર જગાડે. તમે અમારાથી પહેલા ચાલ્યા ગયા છો અને અમે તમારી પાછળ જ આવીએ છીએ.'

●●●

સામાન્ય રીતે તેમનો ખોરાક ખજુર અને પાણી અથવા જવની રોટી અને પાણી જ હતો. દૂધ અને મધ તેમને પસંદ હતા. પણ તે મોંઘા હોવાને કારણે તેઓ વધુ ન લેતા. એકવાર એક સાથીએ તેમને બદામનો લોટ આપ્યો અને કહયું, 'રસુલ્લીલાહ, આપ આવું જ ભોજન લો.'

આપે ફરમાવ્યું, 'આ ઉડાઉ લોકોનો ખોરાક છે' એમ કહી તેમણે તે લેવાનો ઈન્કાર કરી દીધો. ડુંગળી અને લસણ પ્રત્યે તેમને અણગમો હતો. ડુંગળી અને લસણ નાખેલો કોઈ ખોરાક તેઓ ખાતા નહીં. તેમની આજ્ઞાના હતી કે મસ્જિદમાં ખુદાની ઈબાદત માટે ડુંગળી કે લસણ ખાઈને કોઈએ ન આવવું. હઝરત અબૂ ઐયુબ જણાવે છે, 'એકવાર અમે ડુંગળી અને લસણ નાંખી ભોજન બનાવ્યું અને રસુલેપાકની સેવામાં મોકલ્યું. ભોજન આપે આરોગ્યા વગર પરત કરી દીધું. હું ગભરાઈ ગયો અને રસુલેપાકની સેવામાં પહોંચી ગયો. તેમને પૂછ્યું, 'યા રસુલ્લીલાહ, આપે ભોજન લીધા વગર પરત કેમ પરત મોકલ્યું ?' મહંમદ સાહેબે જણાવ્યું, 'ભોજનમાં ડુંગળી અને લસણની વાસ આવતી હતી. અલ્લાહના ફરિશ્તા રાત દિવસ મારી પાસે આવતા રહે છે. હું તેમની સાથે વાતો કરું છું. ફરિશ્તાઓને ડુંગળી અને લસણની વાસ પસંદ નથી. જેથી મેં ભોજન પરત મોકલી દીધું. પણ તમે ખુશીથી તેને ખાઈ શકો છો.' હઝરત અબૂ ઐયુબે મહંમદ સાહેબની વાત સાંભળી કહયું,, 'જે વસ્તુ રસુલેપાકને પસંદ ન હોય તેને અમે કેવી રીતે પસંદ કરીએ ? આ બનાવ પછી અમે પણ ડુંગળી અને લસણનો ઉપયોગ ભોજનમાં કરવાનું છોડી દીધું.' ■

સૌજન્ય : દિવ્ય ભાસ્કર

## ગઝલ

- મહેક ટંકારવી (બોલ્ટન-યુ.કે.)

ઉગે છે ખેતરોમાં તે કપાસ, નેઅ્મત છે
બને છે આપણો અંતિમ લિબાસ, નેઅ્મત છે

જે આવે-જાય છે, જીવન ધબકતું રાખે છે
ગણતરીના જે મળ્યા છે તે શ્વાસ, નેઅ્મત છે

ઉઘડતી કળીઓ, મુલાયમ આ શબનમી ફુલો
આ છમ્મલીલું લહેરાય ઘાસ, નેઅ્મત છે

આ રાતરાણી, આ ચંપો, આ મોગરા ને ગુલાબ
ભરે હવાઓમાં મીઠી સુવાસ, નેઅ્મત છે

આ પર્વતો, આ નદીઓ, આ ખીણ, ટેકરીઓ
નિશાનીઓ છે બધો આસપાસ, નેઅ્મત છે

સમંદરો, આ નદીઓ વરસતાં આ વાદળ
બુઝાવી રહયા છે ધરતીની પ્યાસ, નેઅ્મત છે

આ સુર્ય, ચંદ્ર, સિતારા, હજાર નક્ષત્રો
પૂનમની રાતનો શીતળ ઉજાસ, નેઅ્મત છે

અજબ છે મમતા આ માની, પિતાનો પ્રેમ ગજબ
મળી છે માનવીને ભેટ ખાસ, નેઅ્મત છે

કશે ય શોધવા એને નથી જવું પડતું
છે દિલમાં હરઘડી એનો નિવાસ, નેઅ્મત છે

રહીમ છે, છે એ રહેમાન, આપણો માલિક
"મહેક" આપણે એના છે દાસ, નેઅ્મત છે.

પ્રેષક - અહમદભાઇ વાવડા (લંડન-યુ.કે.)

## ગઝલ

### વાત જૂદી છે

સુખોને સાંકળે બાંધી શકો તો વાત જૂદી છે
અહંમની ગાંઠ ને છોડી શકો તો વાત જૂદી છે

ભલે ધનના ઘણાં ઢગલા પડયા હો પાસ તારા પણ
ગરીબોને મદદ આપી શકો તો વાત જૂદી છે

મુસીબત, રંજ, મુશ્કેલી બધા પણ આવનારી છે
દુ:ખો સાથે અગર જીવી શકો તો વાત જૂદી છે

ધરમના દ્વેષે ભાઇ ને ભાઇથી કર્યા છેટા
તમે આ દ્વેષ જો ભૂલી શકો તો વાત જૂદી છે

અહીં સૂફી બધાને લાગણી માટે કહે
તમે આ વાત ને સમજી શકો તો વાત જૂદી છે

- સૂફી આલીપોરી

## કાવ્યાસ્વાદ

# માને સંબોધન: માતૃસંવેદનાનું કાવ્ય

આસ્વાદક - પ્રો.ડૉ.હસન લુણત 'વિતાન'

ભારતથી ઇંગ્લેન્ડમાં સ્થાઇ થયા પછીની પ્રારંભિક રચનાઓ પૈકીની અહમદ ગુલની આ એક અશકત રચના છે. માતૃભૂમિને છોડયાને હજી ઝાઝો સમય થયો નથી. વતન સાથે સંકળાયેલી બધી સ્મૃતિઓ અકબંધ છે. અને હવે તો એ સ્મૃતિઓના આશ્રયે જ જીવવાનું છે,એ કવિ ચિત્તે સ્વીકારી લીધુ છે. પરંતુ કવિહૈયું એમ માને શેનું ? એ તો હજારો કિલોમીટર પાછળ રહી ગયેલા વતન તરફ દોટ મૂકે છે. અને ત્યાં ન પહોંચી શકવાની નિરુપાય દશામાં ઉદ્‌ગારો સરી પડે છે. મા ને સંબોધન એવા ઉદ્‌ગારનું હૃદયસ્પર્શી કાવ્ય છે.

દૂર દેશાવરમાં જઇ પડેલા કવિને વતન સાથે મજબૂતીથી જોડી રાખતી કોઇ વ્યકિત હોય તો તે મા મા સાથેનો સંબંધ જ એવો હોય છે કે કોઇ અદના ઇન્સાનને પણ માનું સ્મરણ વિહ્‌વળ બનાવી દે. જયારે આતો કવિ છે. એની પાસે સંવેદના છે, તો સાથે શબ્દો પણ છે. આથી માતૃસ્મૃતિ સમુદ્રમાં આવતી ભરતીની જેમ કવિહૃદયમાં ચડી આવે છે અને કવિના અસ્તિત્વને તરબોળ કરી દે છે. આથી સાક્ષાત સંવેદનનું એક કાવ્ય નીપજી આવે છે. કવિ એનો પ્રારંભ જ મા શબ્દથી કરે છે. 'મા' - એક માત્ર શબ્દ પણ મહાન અને વજનદાર શબ્દ લાગણીથી છલોછલ શબ્દ.

વિદેશમાં સ્થાયી થયેલા લોકો વતનમાં રહી ગયેલા સ્વજનો પાસેથી કયારેક કોઇક વસ્તુ મંગાવે કે અહીંના લોકો તેમને વસ્તુ મોકલે એ સામાજિક વ્યવહારની વાત થઇ.રોજ સેંકડો પાર્સલો એ રીતે આવતાં-જતાં રહે છે, એ આપણા અનુભવની વાત છે. ગુલ પોતાની કવિતામાં વ્યવહાર જગત અને અનુભવજગતને સહજતાથી ગુંથી લે છે અને માની પાસે મંગાવે છે.કવિ શું મંગાવે છે એજ અહીં મહત્વતનું છે.

ભારત દેશથી જો કોઇ ઇંગ્લેન્ડની સફરે જાય તો, કવિ 'મા' ને સંદેશો મોકલે છે કે, તેની સાથે માએ વહેલી પરોઢે ઉઠી ઘંટીની મધુર તાલે પોતે દળેલ અનાજનો લોટ મોકલે.આ લોટમાંથી બનેલા રોટલાની મીઠાશ ગજબની હોય છે. આથી કવિ 'મીઠો' વિશેષણ પ્રયોજે છે. એ મીઠાશ માત્ર લોટમાં નથી હોતી, દેશી ચૂલો, તેની પર મૂકાતી તાપણી અને 'મા' ના હાથમાં એ મીઠાશ હોય છે. પરંતુ બધું જ કહી દે તો એ કવિશેનોનં જે અધ્યાહાર રહે છે એનું જ કવિતામાં સૌન્દર્ય હોય છે. આવું સૌન્દર્ય નિષ્પન્ન કરવાની તક ગુલ જતી કરતા નથી.

ભારતીય ગ્રામ્ય સંસ્કૃતિ અને યુરોપીય સંસ્કૃતિ વચ્ચેની ભિન્નતા પણ કવિ અહીં પ્રત્યક્ષ કરી દે છે. દેશી ઘરઘંટી એ દળાયેલ અનાજના લોટમાંથી માના હાથે તૈયાર થયેલ મિષ્ટ રોટલાથી વંચિત કવિને હવે ફેકટરીમાં તૈયાર થયેલ બ્રેડના ડૂચા છૂટકે - ના છૂટકે ગળે ઉતારવા પડે છે. જિંદગીની એ વિષમતા અને વક્રતાને પચાવવી પડે છે. કવિએ સરળ શબ્દોમાં પણ વેધકતા આણી જાણી છે.

ત્યારબાદ કવિ મા પાસે મંગાવે છે: મા એ કૂવે જઇ નિજ હાથથી ધોયેલા લૂગડાંનું પોટલું. એ પોટલું ન આવે ત્યાં સુધી લોન્ડ્રીમાં ધોયેલાં કપડાં જ શરીર પર ટીંગાડવાનાં છે.અહીં પણ ભારતીય ગ્રામ્ય સંસ્કૃતિ અને શહેરી યુરોપીય સંસ્કૃતિ વચ્ચેનો વિરોધાભાસ છતો થાય છે.પરંતુ કવિનું લક્ષ્ય માત્ર આ વિરોધાભાસ વ્યકત કરીને અટકી જવાનું નથી. એક સંસ્કૃતિથી દુર થયાનો વસવસો અને લાચારી એમાંથી ટપકે છે.

ઘંટીથી દળાયેલા લોટ કે કૂવે જઇ ધોવાયેલા કપડાં - એ બંન્ને વસ્તુમાં માના સ્પર્શની વાત છે. કવિએ જનેતાનો સ્પર્શ ગુમાવ્યો છે.એ કવિની વેદના છે. આ વસ્તુઓના સાહચર્યના અભાવથી વાસ્તવમાં કવિએ માનું સાહચર્ય ગુમાવ્યું છે. માનો સ્પર્શ ગુમાવ્યો છે.અને હવે માત્ર યંત્રોના સહારે યંત્રવત જીવન જીવવાનું છે. એ પીડા કવિ તાર સ્વરે વ્યકત કરે છે.

કાવ્યાંતે કવિ માનો ખોળો ઝંખે છે. માના ખોળામાં બાળકને જે પ્રેમહૂંફ મળે છે એ અન્યત્ર કયાંય ન મળે. બાળકને માટે માનો ખોળો સર્વશ્રેષ્ઠ આશ્રય સ્થાન છે. માતાના ખોળાની હુંફ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી કવિને

માટે હવે યુ.કે. ના ઠંડાગાર વાતાવરણમાં હીટરના તાપમાં શરીરને બાળતા રહેવાનું જ ભાગ્ય છે. એજ એમની નિયતિ છે.

ને

મા.... કોઇ... આવે તો....

કવિ કશુંક વિશેષ કહેવા માંગે છે અને કહી શકતા નથી. ગળગળા થઇ ગયા છે, શબ્દો નીકળતા નથી, સ્વર રૂંધાઇ ગયો હોય, ચૈતન્ય હણાંઇ ગયું હોય એવી અનુભૂતિ સાથે કવિએ કાવ્યનું સમાપન કર્યુ છે.

સરળ લાગતી આ કવિતામાં ગુલે કાવ્યાત્મકતાનું પ્રશંસ્ય વહન કર્યુ છે. બ્રેડના ડૂચા માટે કવિ કહે છે : ગળે ઉતારતો રહીશ. ખાવું નથી, છતાં નાછૂટકે ખાવું પડે છે. લોન્ડ્રીમાં ધોવાઇને આવેલાં કપડાં વિશે કવિ કહે છે : મુજ શરીર પર / ટીંગાડતો રહીશ. એ કપડાં પહેરવાનો કોઇ ઉત્સાહ નથી. માત્ર શરીર ઢાંકવાનું છે, શરીર પર કપડાં જાણે ટીંગાડવાના છે. કારણ કે એને માના હાથનો સ્પર્શ મળ્યો નથી. બધી સગવડો છે, છતાં જાણે કશું જ નથી. જે છે તેનાંથી અસંતોષ, અતૃપ્તિનો ભાવજ વ્યકત થાય છે. કારણ કે માતાના પ્રેમ અને સ્પર્શની તુલનાએ આ બધી સગવડો ભીતરનો આનંદ અને સુખ આપી શકે તેમ નથી. એટલે જ તો કવિ હીટરના તાપમાં શરીર બાળતા રહેવાની વાત કરે છે. માતાના ખોળાની હૂંફની સામે હીટરની ઉષ્ણતા શા વિસાતમાં !

કાવ્યમાં એક પણ દુર્બોધ કે ભારેખમ શબ્દ નથી. કવિની વાણી એકદમ પ્રવાહી છે. સીધી હૃદયમાંથી સ્ફુટ થયેલી છે. માનો સ્પર્શ, માનું વ્હાલ કવિને આકર્ષે છે. અને હવે એ અપ્રાપ્ય છે, તેથી કવિને એ લાગણી પીડે છે. વતનમાં રહેતી માતાને દૈહિક રીતે તો હવે મળી શકાય તેમ નથી, તેથી કવિ માતાને પોકારી પોકારીને એવી વસ્તુઓ મંગાવે છે, જેમાં માતાનો પ્રેમ, હૂંફ અને સ્પર્શ હોય. માતૃપ્રેમનું, માતૃમહિમાનું ગુલનું અને ગુજરાતી કવિતાસાહિત્યનું આ એક ઉત્તમ કાવ્ય છે. સાથે જ ભારતીયતા અને ગ્રામસંસ્કૃતિ તરફનો કવિનો ઝોક પણ ધ્યાન ખેંચી રહે છે. ■

**નોંધઃ-** બ્રિટનમાં બાટલી ખાતે રહેતા અહમદભાઇ ગુલ (સા.) ની **'મા'** વિષેની કવિતાનો રસાસ્વાદ. **તંત્રી**

## કામ ચલતા હો ગિઝાસે

જહાઁ તક કામ ચલતા હો ગિઝાસે,
વહાઁ તક ચાહિએ બચના દવાસે.

શીફા ચાહે અગર ખાઁસીસે જલ્દી,
તો પીલે દૂધમેં થોડીસી હલ્દી.

જિગરમેં હો અગર ગરમી દહીં ખા,
અગર આંતોમેં ખુશ્કી હો તો ઘી ખા.

દમેમેં યે ગિઝા બેશક હે અચ્છી,
ખટાઇ છોડ ખા દરિયાકી મચ્છી.

ઝયાદા અગર દિમાગી હે તેરા કામ,
તો ખાલે શહદકે હમરાહ બાદામ.

જો દૂખતા હો ગલા નઝલેકે મારે,
તો કર નમકીન પાનીકે ગરારે.

અગર હો દર્દસે દાંતોકે બેકલ,
તો ઉંગલીસે મસોખોં પર નમક મલ.

જો તાકતમેં કમી હોતી હો મેહસુસ,
તો મિસરીકી ડલ્લી મુલતાનકી ચૂસ.

અગર હો ખલ્તકી ગરમીકા એહસાસ,
મુરબ્બા,આમલા, ખા અનન્નાસ.

અગર તુજકો લગે જાડેમે શર્દી,
તો ઇસ્તઅમાલ કર અંડેકી ઝર્દી.

જીગરકે બલપે હે ઇન્સાન જીતા,
અગર ઝોફે જિગર હે તો ખા પપીતા.

અગર ખૂં કમ બને બલગમ ઝયાદા,
તો ખા ગાજર, ચને,શલગમ ઝયાદા.

અગર મેહસુસ હો મેંદેમેં ગિરાની,
તો પીલે સૌંફ યા અદરકકા પાની.

ઠકનસે હો અગર આઅઝાઅ ઢીલે,
તો ફૌરન દૂધ ગરમા ગરમ પીલે.

જો બદહઝમીમેં તું ચાહે ઇફાકા,
તો દો-એક વકતકા કરલે તું ફાકા.

જહાઁ તક કામ ચલતા હો ગિઝાસે,
વહાઁ તક ચાહિએ બચના દવાસે.

(કૃતિ - હકીમ મોહમ્મદ સાહબ.)

(પટેલ મ.સાલેહ મ.હુશેન.- નૂર લિંડીયાતવી...)

# એક તણખલાની વાત

- હનીફ નાડત (કોઠ)

ઓ ઝરીના મેડમ આમ સુવાના ટાઇમે કેમ આંસુડા પાડવા બેઠા ? ગુસ્સાને કાબુમાં રાખીને ઝરીનાના પતિ સલીમે ઝરીનાને વેધક પ્રશ્ન કર્યો, રાત્રે દશ સાડા દશ થયા હશે. ઝરીના એના રૂમમાં સુવા આવી હતી. બે વરસની નાની બેબીના કપડા ચેન્જ કરીને એ સુવા જતી હતી કે એનાથી રડી દેવાયુ. એ જોઇને સલીમે એને ટોકી. શું કરૂ... આખો દિવસ ઘરમાં તનતોડ કામ કરૂં, આ નાની રેશ્માને સાચવું કે મમ્મીના કડવા વેણ સહન કરૂં ? તમોતો સવાર થાઇ એટલે નોકરી પર જતા રહો. આખો દિવસ આ તરફ મમ્મી અને આગળના રૂમમાં પપ્પા... બસ..., આખો દિવસ મને કંઇને કંઇ સંભળાવ્યા કરે. હવે તો હું સાચે જ કંટાળી ગઇ છું. કયારેક તમને સુતેલા મૂકીને પીયર ચાલી જઇશ, પછી શોધ્યા કરજો. આતો વળી કેવું દુ:ખ. ચેનથી રોટલા પણ નસીબ નથી થતા.

બસ... આટલી જ વાત... સલીમે શબ્દોમાં નરમાશ ઉમેરી ઝરીનાને વિનવણીના સુરમા વાત આગળ વધારી, બસ ઓ મેડમ તને તો ખબર છે. મમ્મી-પપ્પા સુગર અને હાઇ બી.પી.ના મરીઝ છે. સવાર-સાંજ દવાઓ લે છે. હવે એ દવાની સાઇડ ઇફેકટ હોય કે બીજું કંઇ પણ એઓ બંન્ને વૃધ્ધ થઇ ગયા... છો ને બોલ-બોલ કરતા રહેતા તારે એમના તરફ ધ્યાન જ ન આપવું. ત્યાં ઝરીના ફરી બોલી અરે પણ આ કેવી દવાની સાઇટ ઇફેકટ ? હમણા થોડા દિવસ મારી નાની બહેન આપણે ત્યાં મહેમાન આવી હતી ત્યારે આ તરફ મમ્મીને પેલી બાજુ પપ્પા... જે મનમાં આવે એ બોલે, મમ્મી મારી બેન સાંભળે એમ બોલે અરે મારો નાનો ઇરફાન તો વડોદરાની એમ.એસ. યુનિવર્સિટી માંથી એમ.એસ.સી. થયો છે. એને કંઇ ગામડામાં થોડી પરણાવીશ.એને તો હું કોઇ ગ્રીન કાર્ડ વાળી જોડે જ પરણાવીશ, આ ગામડાની ગૌરી લાવીને મારા ઇરાફાનને ગમાર નથી બનાવવો.સવાર-સવારમાં કામવાળીને આવુ લેકચર આપવા માંડયા. મારી બહેન ફેમીદાતો આવુ બધુ સાંભળીને ડઘાઇ ગય... તો વળી પપ્પા પણ ઓછા નથી. બે-ચાર આમથી બે-ચાર તેમથી એમના જી હજુરીયા સવાર-સવારમાં આવી પડે, મારે એમના માટે ચ્હા બનાવવી પડે ત્યાંજ આપણી રેશ્મા ઉઠી હોય એને નવડાવી પડે...કામવાળી આવે એટલે તો હું ઘરનું અડધુ કામ પુરૂ કરી નાંખુ. અને જેવી પેલા આવનારા ચ્હા પુરી કરે એટલે ગપ્પા મારવાનું શરૂ કરે તે છેક બપોર સુધી. તમો તો નોકરી પર જાવ.. ઇરફાનભાઇ નાહી ધોઇને એમની બાઇક લઇને ઉપડી જાય. મારે કહેવું તો કોને કહેવુ. જુવો હું કંઇ તમારા સહુના કડવા વેણ સાંભળવા નથી આવી. કાલે સવારે મારા પપ્પાને બોલાવુ અને સાથેજ મારા ઘેર જતી રહીશ.પછી વગાડજો મંજીરા... ઝરીના ધીરે ધીરે ઉગ્ર થવા માંડી.સલીમની હાલત સુડી વચ્ચે સોપારી જેવી હતી. ન પત્નીને કંઇ કહેવાઇ ન માં-બાપને. ચાલ ઝરીના અત્યારે સુઇ જા.. સવારે વાત અને તારે કયાંય જવાનું નથી. તને મારા ઉપર વિશ્વાસ નથી ? વિશ્વાસ તો તમારી ઉપર ઘણો છે,પણ આ દુ:ખ નો ઉપાય શું ? ઝરીના બોલી. અરે ગાંડી માં-બાપની ઉંમર થઇ. કંઇ બોલે તો મન ઉપર જ ન લેવુ... તુ નકામી જીવ બાળ્યા કરે... સલીમ બોલ્યો. જીવ ન બાળુ તો શું કરૂં ? મારી બેન ફેમીદા અહીંયા આવેલી ત્યારે પડોશમાંથી શહેનાઝ માસી વાટકી દહીં લેવા આવ્યા. એની જોડે મમ્મીએ શરૂ કરી દીધુ. શહેનાઝ માસીએ મમ્મીને હસતા હસતા કહયું કે ચાલો ત્યારે...નાના ઇરફાનને માટે પણ કન્યા તો તૈયાર જ છે. શહેનાઝ માસી આટલુ બોલ્યા ત્યાં તો ફેમીદા પણ સાંભળે એમ મમ્મી નો રેડીયો શરૂ થયો.. ના રે ના શહેનાઝ મારો ઇરફાન તો ડબલ ગ્રેજયુએટ અને હું વળી ગામડાની વહુ લાવું ? આ મોટી તો આવતા આવી ગઇ..કંઇ શીખીને નથી આવી. સાવ અડબોથ... હવે તમે કહો સલીમ... આ હાઇ બી.પી.ની ગોળીની આડ અસર કે મસ્તી ? વાત ધીરે ધીરે આગળ વધી રહી છે એવુ જાણીને સલીમ થોડો ઢીલો પડયો. ઝરીનાને એ પટાવવા લાગ્યો.. જો ઝરીના... મારા માવતર એવા છે તો છે... એમને હું ઘરની બહારતો નજ કાઢી શકુને ? એમનો સ્વભાવ આવો ચિડીયો થઇ ગયો એમાં આપણે એમને સંભાળવાનું... એના બદલે તુ એમને ચગાવતી હશે...હજુ તો સલીમ વાકય પુરૂ કરે ત્યાં ઝરીના બેવડી તાકાતથી બોલવા લાગી...ઓ...હો...હું તમારા મા-બાપને ચગાઉ એમ ને ? લાજો જરા લાજો... આટ આટલી એમની સેવા-ચાકરી હું દિવસ રાત જોયા વિના કરૂં છું ને ઉપરથી તમો મારી ઉપર કલંક લગાડો છો કે હું ચગાવું ? હવે ધ્યાનથી સાંભળો...આજે બોલવા બેઠી

છું તો મને બધુ કહીજ નાંખવા દો...કાલે જ પપ્પાના મિત્રો સવાર-સવાર આપણે ત્યાં આવી ચઢયા તો એમની વાતો શરૂ થઇ. એમાં પેલા ગુલામ કાકા બોલ્યા...આ તમારા ઇરફાનને સલીમની સાળી જોડે જ ગોઠવી આલોને... કેવી સુંદર પરી જેવી છોકરી છે. પટેલ તમારે તો બહાર કન્યા શોધવા જવાની જરૂર જ નથી. સલીમની સાળી છે જ ને અને આપણું ઘર તો ખાધે પીધે સુખી છે. ખેતીવાડી છે દુઝાણું છે. કયાંય કંઇ લેવા નથી જવાનું અને આપણા વેવાઇ પણ ના નહીં પાડે... માટે પટેલ ઉતાવળ કરો. સલીમની સાળીને વેવાઇ કયાંક બીજે પરણાવી ન દે... તો વળી બીજો કાકો જરા રોમેન્ટીક છે. ટી.વી. મોબાઇલ પર ફિલ્મ જોતો હશે એણે મહેફીલમાં ટાપસી પુરી... હા... હમણાં જ મેં એક ફિલ્મ જોઇ હતી. નદીયા કે પાર... એમાં પણ મોટા ભાઇની સાળી ને જ નાના જોડે પરણાવે છે. આવું સાંભળીને પપ્પા બોલ્યા...ભાઇ એ નદીયા કે પાર ફાર રહેવા દે વાસ્તવિક જીવન જીવતા શીખ.. આપણે ઇરફાનને પુછવુ પડે... ત્યાં વેવાઇને પૂછવુ પડે...પછી આગળ વાત થાઇ. બસ તમે તો ચટ મંગણી ને પટ વ્યાહ જેવું કરો છો.. આ વાત ચાલતી હતી ત્યાંજ મમ્મીએ સાંભળી એટલે ફુફાડા મારતી આગળના રૂમમાં આવીને બોલવા માંડી... રેવા દો રેવા દો.. તમે બધા...મારો ઇરફાન તો વડોદરાની યુનિવર્સિટીમાં ગ્રેજયુએટ થએલો ને તમે બધા ચાલ્યા ગામડે મારા ઇરફાનને પરણાવવા... રેવા દો...એ સાંભળો... પતિને સંબોધીને મમ્મી બોલ્યા... સાંભળો આપણા સમાજનું સામાયિક વહોરા સમાચારમાં એડર્વટાઇઝ આપો. લંડન-કેનેડા-અમેરીકાની કોઇ એન.આર.આઇ.યુવતિ જોડે આપણા ઇરફાનનો મેળ પડી જાય. ઝટ એડ આપો અને આમ બેસી ન રહો. મારો ઇરફાન એટલે વડોદરાની મોટામાં મોટી કોલેજમાંથી ગ્રેજયુએટ થયેલ. બેસવા આવેલ જી હજુરીયાઓ મમ્મીની આવી વાતથી ચુપ થઇ ગયા. હવે બોલો મમ્મી ગમે એમ બોલે તે ચાલે પણ મારી બેનની વાત જાણી જોઇને દિવસમાં એક વાર તો કાઢે જ. તો બીજુ તો કંઇ નહીં મમ્મીને તમારે કાલે સવારે તાકિદે એટલુ તો કહેવુ જ પડશે કે ઝરીનાની બહેન ફેમીદાનું નામ લેવાનું પડતું મેલે. મારા પપ્પા ગરીબ... રીક્ષા ચલાવી ઘરનું ગુજરાન ચલાવે... અમો બંન્ને બહેનને સાતમાં ધોરણ સુધી ભણાવી-પઢાવી. હવે આગળ અમને ન ભણાવી એટલે અમે અભણ અને તમો બધા ગ્રેજયુએટ... વાતમાં ને વાતમાં મધરાત થવા આવી. આખરે સલીમે ઝરીનાને મનાવી લીધી અને બંન્ને પતિ-પત્ની સુઇ ગયા. વ્હેલી પ્રભાતે સહુ ઉઠયા...પણ સલીમે એના મમ્મી-પપ્પાને એક હરફ ન કહયો. ઝરીના પણ ચુપ જ રહી. સલીમ નોકરીએ ચાલ્યો ગયો..

ત્રણેક હજારની વસ્તી ધરાવતુ પંખીના માળા જેવું સુંદર ગામડું. ગામમાં સઇદ પટેલ એના પરીવાર જોડે આનંદથી દિવસો પસાર કરે. સંતાનમાં મોટો સલીમ અને નાનો ઇરફાન. પચ્ચીસ એકર પીયતની જમીન એમાં સઇદ પટેલ શેરડી પકવે. ઘરમાં દુઝાણું. દશ મેહસાણી ભેંસો એમની કોઢમાં બે ગોવાળીયા હાળી-ચાકર કામવાળીથી એમનું ઘર ભર્યુ ભાદર્યુ. આમતો ઝરીનાને પોતાના પતિની કોઇ તકલીફ ન હતી. પણ સાસુ - સસરા જરા બોલવામાં બાંગડ, એનું ઝરીનાને કાયમ દુ:ખ રહેતું. એ પાંચ કિ.મી. દુર આવેલા ગામડાની. એના પપ્પા રીક્ષા ચલાવે. દેખાવે આસમાનની પરીને ટકકર મારે એવી રૂપાળી ઝરીના સલીમને પસંદ પડી ગઇ અને એમના રંગે ચંગે લગન ત્રણ વરસ પહેલા થઇ ગયા હતા. કયારેક ઝરીના પીયર જતી તો એની મમ્મીને કહેતીય ખરી મમ્મી... બધી વાતે સુખ છે પણ સાસુ-સસરા એવા તીર છોડે કે એમની સામે ટકી રહેવું ઘણુંજ કપરૂ છે. ત્યાં ઝરીનાની મમ્મી કહેતી... જો ઝરી... સલીમ તો સારા છે ને... કંઇ નહીં બેન...સુખ દુ:ખ તો આવતા જતા રહે... ચિંતા ન કર, ઉપર વાળો સહુ સારા વાના કરશે.. આમ ઝરીનાને એની મમ્મી કાયમ સમજાવતી રહેતી.

પવનની પાંખે દિવસો વિતવા માંડયા. ઇરફાન ભલે ગ્રેજયુએટ થયો હતો. એને અંકલેશ્વર જી.આઇ.ડી.સી. ની કોઇ ફેકટરીમાં પંદર હજારની નોકરી મંજુર ન હતી. એને તો એના ભણતરનું ગુમાન હતું. મા-બાપ ચગાવે એટલે એ પણ અમેરીકા-કેનેડાના સ્વપ્નો જોવા માંડયો હતો. ઝરીના ભાભીની બહેન ફેમીદા વિષે તો કયારેય એણે સ્વપ્નમાં પણ વિચારેલુ નહીં. બસ એને તો કેનેડા કે અમેરીકામાં જ સેટલ થવુ હતું... તો વળી ઝરીના મનોમન વિચારતી કે મારી ફેમીદાને સુરજ પશ્ચિમમાં ઉગે તો પણ દિયર જોડે તો કયારેય ન જ લાવુ.

થોડા દિવસ થયા. સવારના દશેક વાગ્યા હશે. સઇદ પટેલ એમના સાગરીતો જોડે અલક-મલકની વાતોએ ચઢયા હતા. કે આંગણે રીક્ષા આવીને ઉભી... રીક્ષામાંથી વેવાઇ-વેવાણ ઉતરીને ઘરમાં પ્રવેશ્યા. ઝરીના માવતરને જોઇને પ્રસન્ન થઇ ગઇ. સઇદ પટેલે બંન્નેને પ્રેમભર્યો આવકાર આપ્યો. બેઠેલા સહુ સાથે પણ વેવાઇએ મુલાકાત લીધી. ઝરીનાની સાસુએ પણ બંન્નેને મને-કમને આવકાર્યા. થોડી વાર બેઠા પછી ઝરીનાના પપ્પા બોલ્યા. વેવાઇ હજૂ તો ત્રણ વરસ થયા આ મારી ઝરીને પરણાવવાને ને જુઓને મારી નાની ફેમીદાને રવિવારે વડોદરાથી જોવા આવી રહયા છે. ખાતુ પીતુ ઘર છે. છોકરાની વડોદરા જી.આઇ.ડી.માં ખુબ મોટી કેમીકલની ફેકટરી છે.એકનો એક દિકરો છે. નામ એનું આસીફ છે. હમણા અમારા ગામમાં વડોદરાથી બારાત આવી હતી. એમાં આ આસીફે મારી ફેમીદાને જોઇને વાત આગળ વધી. હવે એઓ રવિવારે જોવા આવશે. પસંદ પડે મારી ફેમીદા સહુને તો તરત સગપણ અને મહિનામાં લગ્ન. તો વેવાઇ તમો સહકુટુંબ આવતી રવિવારે મારે ત્યાં હાજર રહો એ નોતરૂ આપવા અમો આવ્યા છે. બેનનું લગ્ન કોઇ ફેકટરીના માલીક જોડે થશે એ વિચારીને ઝરીનાનું મન મોર બની થનગાટ કરવા માંડયું. જયારે સઇદ પટેલ અને ઝરીનાની સાસુના મોઢા પર કાળી શાહી પડી હોય એમ ઝંખવાઇ ગયા. મને-કમને સઇદ પટેલે આવતી રવિવારે અમો જરૂર આવીશું એમ કહયું.

અને રવિવારે સવારે આખુ ઘર ઉપડયુ ઝરીનાના પિયર... વડોદરાથી એક વોલ્વો બસ સાથે ચાર-ચાર બંગડી વાળી ગાડીમાંથી આસીફ અને એના માવતર ઉતર્યા. ફેમીદાને એવી સાજ-શરગાણથી બ્યુટી પાર્લરે સજાવી હતી કે પહેલી જ નજરે વડોદરા વાસીઓના હૈયે ફેમીદા વસી ગઇ. અંતે બપોરે સગપણ પણ નકકી થઇ ગયુ. ફેમીદાને એક હિરા જડીત હાર એની સાસુએ પહેરાવ્યો ત્યારે ફેમીદાની આંખોમાંથી બે અશ્રુ ટપ દઇને વહી પડયા. ગરીબ માવતરી આ ફેમીદા સહુને ખુબ જ પસંદ પડી અને સાંજે સહુ મહેમાન વિદાઇ થયા. ઝરીનાનો પરીવાર પણ સાંજે ઘેર આવી ગયો. સલીમે ઝરીનાની મજાક કરી લો ભાઇ હવે તો સાળીની ફેકટરીમાંજ હું પણ નોકરીએ જોડાઇ જઇશ. ઝરીના મસ્ક-મસ્ક હસી પડી.

અંતે બીજાજ મહીને ફેમિદાના લગ્ન લેવાયા. વડોદરાવાસી વેવાઇએ તો ઝરીનાના પપ્પાને જણાવેલુ પણ ખરૂકે વેવાઇ કોઇ જાતનો ખર્ચો ન કરતા બસ પહેરેલે લુગડે ફેમીદાને વિદાય કરજો.પાક પરવર દિગારની મહેરબાની છે કે અમારે ત્યાં અભરે ભરેલુ છે. પણ ના દિકરીને જે બન્યુ એ તો આપ્યુ એમ ફેમીદા પરણીને રહેને વાલી મહેલોકી બની ગઇ... મહિના પછી ઝરીના અને સલીમ પણ વડોદરા જઇ આવ્યા હતા. બેનનો બંગ્લો ફેકટરી વગેરે જોઇને ઝરીના રાજીનારેડ થઇ ગઇ.

અને બે એક મહિના થયા હશે કે શહેનાઝ માસી તપેલી લઇને છાશ લેવા આવ્યા. આમ પણ હવે ઝરીનાની સાસુ બકબક કરતી ન હતી.સઇદ પટેલ ગામમાં નિકળ્યા હતા. ઝરીના એની રેશ્માને તૈયાર કરતી હતી.સાસુ કામવાળીને સુચનો આપતી હતી. ને શહેનાઝ માસી આવ્યા છાશ લેવા એટલે સાસુએ છાશ આપી. જતા જતા શહેનાઝ માસી બોલ્યા ઝરી વહુ મેં સાંભળ્યુ કે તારી બેન ફેમીદાને ઘણું જ સારૂ સાસરૂ મળ્યું? હા...હા...શહેનાઝ માસી ઉપરવાળાની દયા કે મારી બેન સુખી થઇ. અમો હમણા જ વડોદરા જોઇને આવ્યા. ખુબ ભવ્ય એમનો બંગ્લો- ખુબ મોટી કેમીકલ ફેકટરીના મારા બનેવી માલીક અને હાં માસી એક વાત ખાસ સાંભળો.મારી બેનની ફેકટરીમાં વડોદરાની યુનિવર્સીટીના નહીં પણ વિદેશની ઓકસફોર્ડ યુનિવર્સિટીના ગ્રેજયુએટ નોકરી કરી રહયા છે... એકાઉન્ટન્ટની...આ સાંભળી શહેનાઝ માસી ફરી બોલ્યા ઓકસફર્ડ ફોકસ ફર્ડ મને ન સમજાય. બસ અલ્લાહ તારી બહેનને સુખી રાખે એવી મારી દુઆ. તો ઝરીના બોલી બસ માસી મારી ફેમીદાનો સંસાર ઝીલમીલ સીતારોનું આંગન બની રહે એવી દુઆ કરજો...શહેનાઝ માસી વિદાય થયા.

આ તરફ ઝરીનાની સાસુ વાતચીત સાંભળી રહી હતી. એકા એક ઝરીનાની સાસુ રડવા લાગી અને ઝરીનાને ભેટી પડી. રડતા રડતા સાસુ બોલી દિકરી મારી બહુ જ મોટી ભુલ થઇ. તારી બેન વિષે હું એલ ફેલ બોલતી રહી ને આજે એતો પરણી ગઇ, પણ મારો ઇરફાન્યો ત્યાંનો ત્યાંજ...ન કોઇ કેનેડા બોલાવે કે ન અહીં કંઇ કામ ધંધો કરતો, બસ ફટફટયુ લઇને ફર્યા કરે... બેન મને માફ... મેં તારી બેન વિષે ઘણા કટુવચનો બોલ્યા હતા. સાસુના બદલાયેલા વર્તને ઝરીના સમજી ન શકી કે ખરેખર મારી સાસુ માફી માંગે છે કે બ્લડપ્રેશર અને સુગરની દવાની આડઅસર...? ■

## મસ્જીદોના શહેર તરીકે ઓળખાતુ રાંદેર

- વસીમ મલિક સા. રાંદેર

મસ્જીદોના શહેર તરીકે ઓળખાતા રાંદેર સ્થિત હજરત તબે તાબેઇનની દરગાહ શરીફ ઇ.સ.૭૨૫ ની આસપાસની સમયગાળાની ગણાય છે જેઓ વેપારીઓની હેસિયતમાં આવેલા મુસ્લિમ અરબો હતા.

ઇ.સ.૧૦૩૦ માં ભારત પ્રવાસે આવેલા આરબ પ્રવાસી અલબરૂની એ રાંદેરનું રહનૂર તરીકેનું વર્ણન કર્યુ છે.

ત્યાર બાદ ઇ.સ.૧૨૨૫ ના સમયગાળામાં અરબસ્તાનથી અરબોનું એક જુથ રાંદેર આવ્યું.

આ અરબો મૂળ કુફાના સિયાઓ હતા અને તેઓ પોતાને અબ્બાસી ખલીફા તરીકે ઓળખાવે છે, પરંતુ તેઓ મલેક મોઅમીનના નામથી વધારે ઓળખાયા હતા અને રાંદેરમાં સમૃધ્ધ વેપારી તરીકે સ્થાયી થયા ત્યારથી રાંદેરનો જળવ્યવહાર વધારે પ્રસિધ્ધ થયો. તેઓ કુશળ વહાણવટી અને વેપારી હોવાથી નવાયતા કે નાયતા કહેવાયા. દરિયાખેડું અને કુશલ વહાણવટી નાયતોએ દેશ-વિદેશ વેપાર ખેડીને રાંદેરને ખુબ સમૃધ્ધ કર્યુ.

ઇ.સ.૧૪૫૬ માં પદ્મનાભે લખેલા કાન્હદડે - પ્રબંધમાં રાંદેરની સમૃધ્ધી અને જાહોજલાલીના ઉલ્લેખો છે.

ઇ.સ. ૧૫૩૧ માં ભારત આવેલા પોર્ટુગીઝ પ્રવાસી ડયુઆર્ટ બારબોસાએ રાંદેરના નાયતાઓની સમૃધ્ધી અને સભ્યતાની નોંધ લીધી હતી.

પ્રાચીન એવા રાંદેરનું અતિ પવિત્ર સ્થળ ઇદગાહ છે. જયાં મુસ્લિમ બિરાદરો વર્ષમાં બે વખત નમાઝ પઢે છે. એક ઇદ ઉલ ફિત્ર (રમઝાન ઇદ) અને બીજી ઇદ ઉલ અદા ( બકરી ઇદ) પુરાતન સમયથી આ પ્રથા ચાલતી આવી છે. જેનો ઉલ્લેખ મુગલ ઇતિહાસમાં પણ જોવા મળે છે. મોગલ બાદશાહ જહાંગીર અમદાવાદ જતા હતા ત્યારે દક્ષિણ ગુજરાતના પ્રવાસ દરમ્યાન રાંદેર ખાતે જે સ્થળે રોકાયા હતા તે સ્થળ હાલમાં જહાંગીરપુરા તરીકે ઓળખાય છે અને જે સ્થળે બેગમોએ રોકાણ કર્યુ હતું તે સ્થળ જહાંગીરાબાદ તરીકે ઓળખાય છે.

બદશાહ જહાંગીરે જુમ્મા (શુક્રવાર) ની નમાઝ રાંદેરની મસ્જીદમાં અદા કરી હતી અને ઇદની નમાઝ રાંદેર ઇદગાહમાં અદા કરી હતી. બાદશાહ જહાંગીર અહીં આવ્યા ત્યારે અહીંના નાયતા વેપારીઓની વ્યવસાય કુશળતાથી તેમજ તેઓની ઉચ્ચ દરજ્જાની રહેણી કરણી જોઇને તેઓ ખુબ જ પ્રભાવિત થયા હતા.

રાંદેરના મલેકતુજજર એક ખૂબ ધનવાન વેપારી હતા અને જહાંગીરે તેમને ત્યાં રાતના ભોજનનું આમંત્રણ સ્વીકાર્યું હતું. જહાંગીર સાથે આવેલા લશ્કરનું આગતા-સ્વાગતા સાથે મનોરંજન કરવામાં આવ્યું તેમજ તેમના સ્વાગત માટે સુવર્ણ ભરતકામથી શોભતી કિનખાબની જાજમ બિછાવવામાં આવી હતી. ઉપરાંત તેઓને સોના-ચાંદીના વાસણો ભેટ સ્વરૂપે આપવામાં આવ્યા હતા.

રાંદેર ઇદગાહમાં આજે પણ બંને ઇદ સમયે હજારોની સંખ્યામાં મુસ્લિમ બિરાદરો નમાઝ અદા કરે છે અને સૌના સુખ અને શાંતિની દુવા ગુજારે છે. ■

## સરનામું એક શરમનું

**એક ખુબ અમીર ઘર અને એક ખુબ ગરીબ ઘર આજુ બાજુમાં રહેતાં હતા.**

**એક દિવસ ગરીબ ઘરના બહેન, અમીરબહેન પાસેથી થોડીક ખાંડ ઉછીની લેવા ગયા. અમીર ઘરના બહેને તેને ઉછીની ખાંડ આપી દીધી.**

**બીજા દિવસે અમીર ઘરના બહેન,એ ગરીબના ઘરે મીઠું (નમક) ઉછીનું લેવા ગયાં. ગરીબ ઘરના બહેને મીઠું આપી દીધું. એ જોઇને અમીર બહેનના પતિએ શાંતિથી પોતાની પત્નીને પૂછયું કે, મીઠું હોવા છતાં તેં મીઠું કેમ ઉછીનું લીધું ? હવે અમીર બહેનનો જવાબ ધ્યાનથી સાંભળજો...**

**અમીર બહેને જવાબ આપ્યો કે, એ લોકો ગરીબ છે એટલે એની પાસે બીજુ કંઇ ન હોય, પણ મીઠું તો હોય જ,એટલે એમને એમ થાય કે અમીરને પણ ગરીબની કયારેક જરૂર પડે છે,જેથી બીજીવાર એ લોકોને કંઇ પણ જોઇતું હોય તો આપણી પાસેથી લેવામાં શરમ પણ ન લાગે અને પોતાને કયારેય નાના પણ ન સમજે.**

**બસ આપણાં સમાજમાં આવા લોકોની જ જરૂર છે કે જે ગરીબને પણ માણસ સમજે અને મનમાં એવો વહેમ પણ ન રાખે કે મારે કોઇની જરૂર નથી. જરૂર તો ધૂળની પણ પડી શકે છે.**

## સમર્પણની ભાવના

સદવિચાર, સદકાર્ય, શુધ્ધ ભાવના અને તેથી વિરૂધ્ધ બદવિચાર, ખરાબ નિય્યત,દુર્ભાવ અને દુષ્કૃત્ય આમ દરેકનું ફળ તેનાં કરનારને મળે જ છે. જે લોકો આ વાતને સમજીને સીધા માર્ગે સરળ જીવન જીવવાં ટેવાયેલાં છે તે લોકો કોઇનાથી ડરતાં નથી. તેઓ નાની નાની વાતોમાં દુઃખી કે રોષે ભરાતાં નથી. અમસ્તી બાબતોમાં ઉશ્કેરાઇ જતાં નથી. તે કોઇની અદેખાઇ કરતાં નથી અને પોતાનાં દોષનો ટોપલો બીજાને માથે ચાલવતાં નથી. જીવન એ એક એવી પ્રક્રિયા છે કે વિષાદ તેની ચારો તરફ ઘેરાયેલો છે. એક કેહવત છે જે ક્રોધ નથી કરતો તે મુર્ખ છે અને બુધ્ધિશાળી ક્રોધથી દુર રહે છે. ઇસ્લામીક દર્શન નાં અનુસંધાનમાં ગુસ્સો પી જનારને બળવાન તાકતવાળો આલેખવામાં આવ્યો છે. આપણે તો મનને કોઇ પણ મહત્વનાં કાર્યમાં પરોવી દેવુ જેથી સામેની વ્યક્તિએ કરેલ અપમાન, આપેલ દુઃખ, ધૃણા કે ઉપેક્ષા પ્રત્યે આપણું ધ્યાન જ ન જાય. અને આપણાં મનમાં વ્યર્થ વિકારો પણ ન સર્જાય. જે આપણાં વિચારોને સ્થિર રાખશે.

મહાન લેખક સ્વેટ માર્ડેને પોતાનાં એક પુસ્તકમાં ઉદાહરણ સ્વરૂપ એક ઘટનાં લખી છે જે અહી હું આલેખવાનું યથાયોગ્ય સમજીશ. આ ઇ.સ.૧૯૧૮માં મિસીસીપીનાં જંગલમાં બનેલી એક ઘટનાં છે. એક નિર્દોષ હબસીને મોતની સજા આપવામાં આવી હતી. એક કાળા હબસી અને પાદરીને કોઇ કારણ વગર મૃત્યુદંડની સજા કરવામાં આવી રહી હતી. આ ઘટના પ્રથમ વિશ્વ યુધ્ધનાં સમયગાળા દરમ્યાનની છે.લોરેન્સ જોન નિર્દોષ હતો તેમ છતાં તેની ઉપર ગોરાઓ સામે હબસીઓને ઉશ્કેરવાનો અને તેમનાં વિરૂધ્ધ વિદ્રોહ કરવાનો આરોપ હતો.

ગોરાઓનું એક ટોળું ચર્ચની અંદર થતું એક પ્રવચન સાંભળી બહાર ઉભું રહ્યુ. અને ત્યારે તે પ્રવચનનાં શબ્દો હતાં કે જીવન એક સંગ્રામ છે માટે દરેક હબસીએ પોતાનાં અસ્તિત્વને અને સફળતા માટે સંઘર્ષ કરવા માટે તૈયાર રેહવું જોઇએ. આ સાંભળી કશું જ વિચાર્યા વગર અને સમજ્યા વગર ટોળું ઉશ્કેરાયું અને બુમો પાડતું ચર્ચમાં દાખલ થયું અને આ ટોળાએ ઉપદેશક લોરેન્સનાં ગળામાં એક દોરડું નાંખીને ઘસડતાં ઘસડતાં એક માઇલ સુધી ખુલ્લાં મેદાનમાં લઇ ગયાં. ટોળાની ક્રુરતાં એટલી હદ સુધી વધી ગઇ હતી કે એને બાળી નાંખવા લાકડાની ખડકેલી ચોકી ઉપર જ તેને ઉભો રાખ્યો અને એ ભાગી ન જાય તે માટે ગળામાં ફાસીનો ફંદો રેહવા જ દીધો હતો. આગ ચાંપવાની તૈયારી જ હતી ને ત્યાં જ ટોળામાંથી એક વૃધ્ધ સૈનિકે આગળ આવીને મોટા અવાજે કહ્યુ કે, એ લોકો : મરતાં પહેલાં મરનારનું છેલ્લે તેણે જે કહેવું હોય તે સાંભળવું જરૂરી છે. પેલાં સૈનિકે પાદરીને પુછ્યુ કે બોલ તારે મરતાં પહેલાં શું કહેવું છે?

પાદરી જાણતો હતો કે મૃત્યું નજીક છે તેમ છતાં તેણે લાકડાની ચોકી પર ઉભા ઉભા ચેહરા પર કોઇપણ જાતનો ડર રાખ્યા વગર એણે એક પ્રવચન આપ્યું. પ્રવચન દરમ્યાન એણેપોતાનાં માટે કશું જ ન કહ્યુ. મૃત્યુદંડમાંથી બચવા માટે કે બચાવવા માટેની કોઇ કાકલુદીઓ કે વિનંતી માટેનો એક શબ્દ પણ ન કહ્યો. તેણે પોતાનાં પ્રવચનમાં માત્ર માનવ ઉત્કર્ષ, અને વ્યક્તિત્વ વિકાસ અને જીવનમાં સુખ શાંતિ પ્રવર્તે તેવાં નુસ્ખા બતાવ્યાં. તેનું પ્રવચન સાંભળી ટોળામાં સોંપો પડી ગયો. અને ટોળાનો આક્રોશ બિલકુલ શાંત થઇ ગયો. ત્યારે ટોળામાંથી જ એક વૃધ્ધ સૈનિક જેણે ટોળાનું નેતૃત્વ લીધું હતું તેણે સામે આવીને કહ્યુ, હું સમજું છું કે આ પાદરી સાચું બોલે છે. હું એવા ગોરા અમેરિકનોને ઓળખું છું જેમનો ઉલ્લેખ અહીં કરવામાં આવ્યો છે. એ આપણા માટે સારું વિચારી રહયો છે. અને આપ

સૌ એને મૃત્યુની આગમાં ધકેલી રહ્યા છો. આ યુવકનો ઉદ્દેશ ફકત માનવ કલ્યાણનો જ છે. એ આપણા માટે સારું વિચારી રહયો છે.માનવજાતની ઉન્નતી અને તેનાં સુખ અને ઉત્થાન માટે જ તે કાર્ય કરી રહયો છે. એને મારી નાંખવા કરતાં એ જે કરી રહયો છે એમાં આપણે સહુ એની મદદ કરીએ. આમ કહીને એણે પોતાનાં માથેથી હેટ ઉતારી અને ટોળા સામે સહાયતાની ભીખ માંગી. જોતાવેંત એની ટોપી નાણાથી છલકાઇ ગઇ! તેમ છતાં લોકોએ નાણાનો પ્રવાહ ચાલુ જ રાખ્યો. જે લોકો એને મારી નાંખવા માટે આવ્યા હતાં તે દરેક વ્યકિતએ દયા સમજીને નહીં પોતાની ફરજ સમજીને નાણાં આપ્યાં.

